## **૨૭મી વાર્ષિક સાધારણ સભાની નોટીસ...**

આથી બેંકના તમામ સભાસદશ્રીઓને જણાવવાનું કે બેંકની ૨૭મી વાર્ષિક સાધારણ સભા **તા.૩૦-૦૭-૨૦૨૨ ને શનિવારે બપોરે ૩.૩૦ કલાકે જે.ડી.ગાબાણી હોલ, સૌરાષ્ટ્ર પટેલ ભવન, સરદાર ચોક, મીની બજાર, વરાછા રોડ, સુરત** મુકામે વાર્ષિક અહેવાલની નોટીસમાં તેમજ શાખાનાં નોટીસ બોર્ડ અને બેંકની વેબસાઇટ www.varachhabank.com પર દર્શાવેલ એજન્ડાનાં કામો હાથ ધરવા મળશે. ૨૭મી વાર્ષિક સાધારણ સભા રૂબરૂ અને વર્ચ્યુઅલ બન્ને રીતે યોજનાર છે. વર્ચ્યુઅલ મિટીંગમાં જોડાવા માટેની લીંક રજીસ્ટર્ડ કરાયેલ મોબાઇલ નંબર/ઈ-મેઈલ પર SMS/Email દ્વારા મોકલી આપવામાં આવશે. જેના વડે સભાસદ તેના મોબાઇલ / કોમ્પ્યુટર પર અપાયેલ લીંક વડે વર્ચ્યુઅલ વાર્ષિક સાધારણ સભામાં જોડાઇ શકશે. જેની દરેક સભાસદોએ નોંધ લેવા વિનંતી.

**તારીખઃ ૦૧/૦૭/૨૦૨૨** **લિ. વી.બી. ધાનાણી (જનરલ મેનેજર)**
**સ્થળઃ સુરત** **બોર્ડ ઓફ ડિરેકટર્સનાં આદેશથી**

## **એજન્ડા...**

૧. ગત તા.૨૮-૦૮-૨૦૨૧ ના રોજ મળેલ સાધારણ સભા અને તા.૧૧-૦૨-૨૦૨૨ ના રોજ મળેલ ખાસ સાધારણ સભાની મીનીટ્સ બુક વંચાણમાં લઈ બહાલી આપવા બાબત.
૨. તા. ૩૧.૦૩.૨૦૨૨ ના રોજ પુરા થતાં વર્ષના ઓડિટ થયેલ નફા-નુકશાન ખાતું, પાકું સરવૈયું તથા ઓડિટ રીપોર્ટ વંચાણમાં લઈ મંજુર રાખવા બાબત.
૩. બોર્ડ ઓફ ડિરેકટર્સે ભલામણ કરેલ સને ૨૦૨૧-૨૦૨૨ ના વર્ષના નફાની ફાળવણી મંજુર કરવા બાબત.
૪. સને ૨૦૨૨-૨૦૨૩ ના વર્ષ માટે રીઝર્વ બેંકની માર્ગદર્શીકા મુંજબ સ્ટેચ્યુટરી ઓડિટરશ્રીની નિમણૂંક કરવા અને મહેનતાણું નક્કી કરવા અંગે.
૫. બેંકનાં પેટા નિયમ નં. ૪૯(૪) મુજબ સને ૨૦૧૮-૧૯ ના વર્ષનું અન-કલેઇમ ડિવિડન્ડની રકમ રિઝર્વ ફંડ ખાતે લઈ જવા અંગે.
૬. બેંકનાં પેટા નિયમ નં. ૨૧(૭) મુજબ બહારથી ભંડોળ એકત્ર કરવાની હદ મુકકર કરવા અંગે.
૭. આપણી બેંક સાથે ધી સલાલ સર્વોદય નાગરીક સહકારી બેંક લિ.,સલાલ નું વીલીનીકરણ કરેલ હોય જેને બહાલી આપવાબાબત.
૮. પ્રમુખ સ્થાનેથી રજુ થાય તે વિષય ઉપર નિયમાનુસાર ચર્ચા કરી નિર્ણય કરવા બાબત.

**સુરત.** **(વી.બી.ધાનાણી)**
**તા.૦૧/૦૭/૨૦૨૨** **જનરલ મેનેજર**
**ધી વરાછા કો-ઓપ.બેંક લિ., સુરત**

## **નોંધ..**

૧. પેટા નિયમોમાં જણાવ્યા મુજબ સભાનું કોરમ ન થાય તો સભા અડધો કલાક બાદ તે જ સ્થળે, તે જ એજન્ડા માટે મળશે અને સભાનું કામકાજ કરવામાં આવશે જે કાયદેસર ગણાશે.
૨. સભામાં ફકત સભાસદ તથા આમંત્રિત વ્યકિત જ હાજર રહી શકશે.
૩. સભાસદોએ જે કંઇ ખુલાસા મેળવવા હોય તે સંબંધે લેખીત જાણ સભાની તારીખ ના સાત દિવસ પહેલા કરવી. સમયસર આવેલ પત્રની સભામાં પ્રમુખશ્રીની મંજુરીથી સમજુતી આપવામાં આવશે.
૪. સભામાં આવનાર દરેક સભાસદોએ ઓળખ પત્ર સાથે લાવવા વિનંતી છે.
૫. સભાસદોએ દાખલ થતી વેળાએ મિનિટસ બુકમાં સહી કરવાની રહેશે.
૬. સને ૨૦૧૮-૨૦૧૯ ના વર્ષનું ડિવિડન્ડ જે સભાસદોએ લઈ જવાનું બાકી હોય તેમણે તા.૩૦-૦૯-૨૦૨૨ સુધીમાં લઈ જવું. અન્યથા પેટા નિયમ નંબર ૪૯(૪) મુજબ તે રિઝર્વ ફંડમાં લઈ જવાશે.
૭. દરેક સભાસદોએ Email Id તથા કોન્ટેકટ નંબર તથા KYC કમ્પલીટ કરાવી લેવા.
૮. સભામાં આવનાર સભાસદોએ કોવિડ-૧૯ ની માર્ગદર્શીકાનું ફરજીયાત પાલન કરવાનું રહેશે.
૯. સભાસદોના આઈકાર્ડ નવા બનાવવાના હોય જેથી સભાસદોએ તાજેતરના પાસપોર્ટ સાઇઝનાં ફોટા સાથે KYC ફોર્મ, પુરાવા નજીકની શાખામાં તાત્કાલીક જમા કરાવી જવા વિનંતી.